**Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences** ISSN: 2581-6241 Volume - 4, Issue - 6, June - 2021
Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Impact Factor: 3.871
Received on : 10/06/2021 Accepted on : 24/06/2021 Publication Date: 30/06/2021

# મનરેગા યોજના અને ગ્રામીણક્ષેત્રનો વિકાસ

**નુતનબેન જે. પટેલ**
પીએચ.ડી. સ્કૉલર (અર્થશાસ્ત્ર), હે.ઉ.ગુ.યુનિ.,પાટણ
Email - casvpatel@gmail.com

**સારાંશ :-** ભારતના આર્થિક વિકાસનો પાયો ગ્રામ્ય વિકાસ અને તેની વિકેન્દ્રિત વ્યવસ્થા પર રહેલો છે. જો ભારતમાં વિકેન્દ્રિત અર્થવ્યવસ્થાને સફળ બનાવવી હોય તો ગ્રામીણ વિકાસને સાચી દિશામાં અને સમયને અનુરૂપ લઈ જવો પડે એ જરૂરી છે. ગામડાનો સર્વાંગી આર્થિક વિકાસ કરવો હોય તો કૃષિક્ષેત્રે ઉત્પાદનમાં વધારો, સિંચાઈની સુવિધામાં વધારો ખેત-તલાવડીઓનું નિર્માણ કરવી મહિલા સશક્તિકરણને મહત્વ આપવું, આરોગ્ય વિષયક સેવાઓમાં સુધારો કરવો, શિક્ષણમાં સુધારો કરવો, પશુપાલન અને ડેરી પ્રવુત્તિમાં નોંધપાત્ર સુધારો કરવો કે જેથી દૂધ-ઉત્પાદકોએ તથા માર્કેટિંગ ફેડરેશનનો બહોળા પ્રમાણમાં લાભ લઈને ગ્રામીણ પશુપાલકો અને દૂધ ઉત્પાદકોની આવકમાં નોંધપાત્ર વધારો થઈ શકે. મહાત્મા ગાંધીજીના મતે ભારતનું લોકજીવન ગામડાઓમાં રહેલું છે. ગામડાઓ આબાદ હશે તો જ ભારત આબાદ બનશે. ભારતમાં આઝાદીના ૭૦ થી વધુ વર્ષો પસાર થઈ ગયા પણ શહેરીની સરખામણીમાં ગામડાઓનો વિકાસ જોઈએ તેટલા પ્રમાણમાં થયો નથી. ગ્રામીણ વિસ્તારોમાં વિકાસનો મોટો લાભ મોટા ખેડૂતો અને જમીનદારોએ મેળવ્યો છે. પરિણામે મધ્યમ અને ગરીબ વર્ગમાં વધારો થવા પામ્યો છે. મતે ગ્રામીણક્ષેત્રનો વિકાસ કરવી આવશ્યક બની રહે છે.

**શબ્દો :-** આર્થિક વિકાસ, ગરીબી, બેકારી, રોજગારી, મનરેગા, મજૂરી, આવક, બચત, વૃદ્ધિ.

**પ્રસ્તાવના :-**

ભારતમાં આઝાદી પછી આયોજન સમયે અપનાવેલી નવી ઔધોગિક નીતિમાં નોંધપાત્ર ફેરફાર કરવામાં આવ્યા જેમાં ઉધોગોને વિશેષ મહત્વ આપવામાં આવ્યું. પરિણામે ગ્રામીણ વિસ્તારોમાં કાર્યરત નાના ગૃહ ઉધોગ અને નાના પાયાના ઉધોગો મોટા ઉધોગોની હરોફાઈમાં ટકી ન શકતા તેઓ નિષ્ક્રિય બન્યા તેમજ તેની સાથે સંકળાયેલા શ્રમિકો બેકાર અવસ્થામાં આવી ગયા. જેને કારણે ગ્રામીણ વિસ્તારોમાં ગરીબી અને બેકારીનું પ્રમાણ વધવા પામ્યું. ગ્રામીણ વિસ્તારના લોકો કામ ધંધા મેળવવા માટે શહેરો તરફ સ્થળાંતર કરવા લાગ્યા. પરિણામે ગ્રામીણ વિસ્તારમાં વસ્તીમાં ઘટાડો થવા લાગ્યો ગામડાઓનો વિકાસ અટકી ગયો. જો ગામડાઓમાં કુશળ અર્ધકુશળ શ્રમિકોની કે મજૂરોની માંગ પૂરી નહીં થાય કે રોજગારીનું સર્જન નહીં થાય તો દેશમાં અસમાનતા વધી જશે. તેમજ ગામડાઓમાં વસ્તીનું ભારણ દિનપ્રતિદિન વધતું જાય છે. આવા સંજોગોમાં યોગ્ય લક્ષ્યાંકોને સિદ્ધ કરવા માટે ભાવિ સમયને ધ્યાનમાં રાખીને આર્થિક વિકાસને જાળવી રાખવા તેમજ વધારવા માટે ગ્રામીણક્ષેત્રે રોજગારીની તકોનું સર્જન જરૂરી છે. જેના અનુસંધાનમાં "મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી યોજના" ખૂબ મહત્વની છે.

➢ **મનરેગા (મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના):-**

મનરેગા યોજના એ હકીકતમાં એક યોજના નથી પરંતુ કાયદો છે. આ કાયદો સપ્ટેમ્બર - ૨૦૦૫માં અમલમાં મૂકવામાં આવ્યો. ગ્રામીણ વિસ્તારના લોકોને ખેતીની મૌસમ સિવાય શ્રમિકોને અન્ય દિવસોમાં પણ કામ મળી રહે તે હેતુથી આ યોજના શરૂ કરવામાં આવી. આ યોજનમાં ૩૩% મહિલાઓને પણ સાંકળી લેવામાં આવી છે જેને કારણે તેઓ પોતે સ્વાવલંબી બની શકે. 'મનરેગા' યોજનાને ત્રણ તબક્કામાં શરૂ કરવામાં આવી. જેમાં પ્રથમ તબક્કામાં ૨૦૦ જિલ્લાઓ અને બીજા તબક્કામાં ૧૩૦ જિલ્લાઓમાં અને ત્રીજા તબક્કામાં દેશનાં તમામ વિસ્તારોને આવરી લેવામાં આવ્યા હતા. ફેબ્રુઆરી ૨૦૦૬થી ગુજરાતમાં પ્રથમ તબક્કામાં તા. ૦૨/૦૨/૨૦૦૬માં ૬ પછાત જિલ્લાઓની પસંદગી કરવામાં આવી. જેમાં દાહોદ, ડાંગ, નર્મદા, પંચમહાલ, સાબરકાંઠા અને બનાસકાંઠા. બીજા તબક્કામાં એટલે કે તા. ૦૧/૦૪/૨૦૦૭માં નવસારી, વલસાડ અને ભરૂચ જિલ્લામાં અમલમાં મુકવામાં આવી અને ત્યારબાદ ત્રીજા તબક્કામાં એટલે કે તા. ૦૧/૦૪/૨૦૦૮થી ગુજરાતના તમામ જિલ્લાઓમાં આ યોજના કાર્યરત છે. આ યોજનાનો અમલ પંચાયતી રાજની સંસ્થાઓ અને સરકારશ્રીના વિવિધ ગાઈડ લાઈન ડિપાર્ટમેન્ટસ દ્વારા કરવામાં આવે છે. ગ્રામીણ વિસ્તારમાં ટકાઉ અસ્કયામતો ઊભી કરવા અને ગ્રામ્ય પ્રજાના આર્થિક વિકાસ માટે આ યોજના ખૂબ મહત્વની છે. આ યોજનામાં અગત્યતાના ક્રમ અનુસાર કામગીરીને મંજૂરી આપવામાં આવે છે. તેમજ તેના અનુસંધાનમાં શ્રમિકોને જોબકાર્ડ ઈશ્યૂ કરવામાં આવે છે. અને તેના આધારે શ્રમિકોને રોજગારી આપવામાં આવે છે. જે એમનો કાયદેસરનો અધિકાર ગણવામાં આવે છે. આ યોજના દ્વારા ગામડાનો આર્થિક વિકાસ સાધી રાષ્ટ્રની પ્રગતિ સાધી શકશે અને ગ્રામીણ વિકાસનાં સ્વપ્નને પૂર્ણ કરી શકાશે.

**Shikshan Sanshodhan** : Journal of Arts, Humanities and Social Sciences ISSN: 2581-6241 Volume - 4, Issue - 6, June - 2021
Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Impact Factor: 3.871
Received on : 10/06/2021 Accepted on : 24/06/2021 Publication Date: 30/06/2021

**મનરેગા યોજનાના ઉદ્દેશ (હેતુઓ) :-**

આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ ભારતના ગ્રામીણ વિસ્તારમાં રહેતા કુટુંબો કે જેના પુખ્તવયના સભ્યો સ્ત્રી અને પુરુષ કે જેઓ શારીરિક શ્રમથી થઈ શકે તેવું બિનકુશળ કામ કરવા માટે ઈચ્છુક હોય તેવા દરેક કુટુંબની જીવનનિર્વાહની તકો વધારવા માટે કુટુંબદીઠ નાણાંકીય વર્ષમાં ઓછામાં ઓછા ૧૦૦ દિવસ રોજગારી આપવાનો છે. તે ઉપરાંત આ યોજનાના કેટલાક મહત્વના હેતુઓ પણ સામેલ કરવામાં આવ્યા છે. જેમાં...

૧. આ યોજના એક યોજના નથી પણ કાયદો છે.
૨. ગ્રામીણ વિસ્તારના ગરીબોને લઘુત્તમ રોજગારી મળી રહે.
૩. બેરોજગારીના દિવસોમાં ગ્રામીણ લોકોને કામ મળી રહે.
૪. ગામડામાં ટકાઉ અસ્કયામતો ઊભી કરવી.
૫. ગ્રામીણ વિસ્તારનો સર્વાંગી વિકાસ કરવો.
૬. ગ્રામીણ વિસ્તારમાં રહેતા લોકોના જીવનધોરણમાં નોંધપાત્ર સુધારો કરવો.
૭. ગ્રામીણ વિસ્તારમાં વ્યક્તિગત કામો દ્વારા ગરીબીનું નિવારણ કરવું.

**મનરેગા યોજનાનું વહીવટી માળખું (અમલીકરણ) ·**



Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences ISSN: 2581-6241 Volume - 4, Issue - 6, June - 2021
Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Impact Factor: 3.871
Received on : 10/06/2021 Accepted on : 24/06/2021 Publication Date: 30/06/2021

**મનરેગા યોજનાના લાભો :-**

ગ્રામીણ વિસ્તારના સર્વાંગી આર્થિક વિકાસ માટે શરૂ કરવામાં આવેલ આ યોજના દ્વારા ભારત અને ગુજરાતના લાખો કુટુંબોને રોજગારી મળી છે. આ યોજના અંતર્ગત ગ્રામીણ વિસ્તારમાં રહેતા કુટુંબોમાં પુરૂષોની સાથે સાથે મહિલાઓને પણ રોજગારી મળી રહી છે. પરિણામે ગ્રામીણ વિકાસને વેગ મળ્યો છે. તે ઉપરાંત મનરેગા યોજનાના કેટલાક વિશેષ લાભો પ્રાપ્ત થાય છે.

- કેરળ, કર્ણાટક, આંધ્રપ્રદેશ, ઝારખંડ, પશ્ચિમ બંગાળ અને અન્ય રાજ્યોમાં મનરેગા શ્રમિકો માટે બેંકો અને ટપાલઘરમાં ૬૪ લાખ ઉપરાંત ખાતા ખોલવામાં આવ્યા છે.
- આ યોજના દ્વારા ગ્રામીણ વિસ્તારમાં કરવામાં આવતા કામોને કારણે ભૂગર્ભ જળસ્તરમાં વૃદ્ધિ થવા પામી છે.
- ગ્રામીણ વિસ્તારોમાં લઘુ સિંચાઇ કાર્ય અને ભૂમિ વિકાસ સબંધી યોજનાઓ શરૂ કરવામાં આવી જેથી સ્થાનિક રોજગારીનું સર્જન અને જમીનની ઉત્પાદકતામાં વધારો થયો છે.
- આ યોજનામાં ૩૩% મહિલાઓને રોજગારી આપવામાં આવી છે જેથી મહિલા સશક્તિકરણનો લક્ષ્યાંક પાર પાડી શકાયો છે.
- આ યોજના દ્વારા ગ્રામીણ વિસ્તારની આંતરમાળખાની સગવડોમાં નોંધપાત્ર સુધારો થયો છે.
- મનરેગા યોજના દ્વારા ખેતી પર આધાર રાખતા શ્રમિકોને ચોમાસા સિવાયની ઋતુઓમાં કામગીરી મળી રહેવાથી તેઓની આર્થિક સ્થિતિમાં નોંધપાત્ર સુધારો થવા પામ્યો છે.
- મનરેગા યોજના દ્વારા ગ્રામીણ વિસ્તારમાં થતાં સ્થળાંતરના પ્રમાણમાં નોંધપાત્ર ઘટાડો થયો છે.
- મનરેગા યોજના અંતર્ગત ગ્રામીણ વિસ્તારોમાં સિંચાઇ માટેના પાણીનાં સ્ત્રોતમાં નોંધપાત્ર વધારો થયો છે.
- મનરેગા યોજના વિશ્વની સૌથી મોટી સમાજ કલ્યાણ યોજના છે જેમાં પ્રથમ ૧૦ વર્ષોમાં ૩.૧૪ લાખ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવ્યા છે.
- મનરેગા યોજના દ્વારા ગ્રામીણ વિસ્તારમાં પ્રવર્તમાન ગરીબીની સમસ્યાને દૂર કરીને ગ્રામીણ વિસ્તારના લોકના જીવનધોરણમાં નોંધપાત્ર સુધારો થયો છે.

**References :**

1. Acharya, S. (2004). ‘Regulations, Economic Development and Labour in India’, Policy and Society, vol. 23, no. 2.
2. Adhikari, A. and K. Bhatia (January 2010). ‘MGNREGA Wage Payments: Can We Bank on the Banks?’, Economic and Political Weekly, vol. xlv no.1, 30-37.
3. Annual Reports of MGNREGA
4. http://www.nregaconsortium.in/resources.html
5. https://mnregaweb2.nic.in/netnrega/homestciti.aspx?state_code=11&state_ name=GUJARAT
6. https://www.sscadda.com/mnrega#:~:text=It%20aims%20at%20enhancing%20the,and%20productive%20rural%20asset%20base.
7. P.K.Viswanathan, Rudra Narayan Mishra,Madhusudan Bhattarai,Hema Iyengar, Mahatma Gandhi National Rural Employment Guarantee (MGNREGA) Programme in India, GIDR Occasional Paper Series 4, 2014.
8. Report of the 12th Plan (2012-2017) Steering Committee on Rural Livelihoods and Rural Governance (Rural Development Division), Planning Commission, Government of India January, 2012.
9. ગઢવી શિવદાન, ગ્રામીણ રોજગાર બાંહેધરી કાયદો અને માર્ગદર્શિકા, પ્રકાશન : ગુર્જર સાહિત્ય, અમદાવાદ-૧. પ્રથમ આવ્રુતિ : ૨૦૦૯.
10. માથુર લલિત, NRIGA ને રાષ્ટ્રીય કાર્યક્રમ દોષિત કરો, યોજના અંક, પ્રકાશન: ભારત સરકાર વર્ષ-૨૦૦૮.
11. વેદ પ્રકાશ અરોડા, 'રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરેન્ટી યોજના' મે-૨૦૦૫.
12. સોનાર મહેશ, ગરીબી નાબૂદી માટે રોજગાર બાંહેધરી કાયદો, સામાયિક, યોજના અંક, પ્રકાશક: ભારત સરકાર વર્ષ : ૨૦૦૮